Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત્ ૧૯૬૨—ભાદ્રપદ. અંક ૨ જો.

## પ્રભુ સ્તુતિ.

### શિખરિણી વૃત્ત.

પ્રબોધી[૧] ભવ્યોનાં કમળવન[૨] ઉર્વીતળ[૩] ફરી,
હરી મોહધ્વાન્ત[૪] પ્રચુરમત તારા[૫] ગ્રસી[૬] કરી;
વિરાજોછો સિંહાસન વિમળ ભામંડળ[૭] થકી,
જિનસ્વામી ! જેવો ઉદય શિખરીએ[૮] દ્યુતિપતિ.[૯]

## कुसुममाला.

( શ્રી વિમળ વિરચિત માળા પરથી )

### વૃત્ત ઉપરનું.

સ્તવે સૂરાસૂરો, નૃપતિ પણ જેને નમી રહ્યા,

૧ પ્રતિ બોધીને (૨) વિકસ્વર કરીને. ૨ ભવ્યજનો રૂપી કમલનાવન ૩ પૃથ્વી. ૪ મોહ-અજ્ઞાનરૂપી અંધકાર. ૫ પ્રચુર (અનેક) મત (દર્શન) રૂપી તારાઓ. ૬ ગ્રહણ કરીને-નિસ્તેજ કરી દઇને. ૭ નિર્મળ ભામંડળ (તેજનું મંડળ)—Halo of light. ૮ શિખરી=પર્વત; ઉદય શિખરી= ઉદયાચળ. ૯ સૂર્ય.

For Private And Personal Use Only

અસિધારા તીવ્ર[1] પ્રચુર તપને જે તપી રહ્યા,
અમારા એ સ્વામી ચરમ[2] જિનનું ધ્યાનજ ધરી;
ગ્રથી અર્પું પ્રશ્નોત્તર કુસુમમાળા રસભરી. ૧
કશું ગ્રાહ્ય[3] પ્રાણી ? ગુરૂવચન શ્રેણી હિતકરા;
ત્યજીને શું દૂરે વસવુંજ ? અકાર્યે શ્રમ ભર્યા;
અહો ! આ ભૂભાગે કવણ જન પદ્મો ગુરૂ તણી;
લહે ? તત્ત્વાર્થી જે સતત યતતા[4] નૃહિત ભણી[5]. ૨
કશું સદ્ય છેદે વિબુધ ? ભવકેરી નિસરણી[6];
અપાવે મુક્તિ કો ? કરણીસહ જે સચ્ચિદમણિ[7].
કયું માર્ગે ભાતું ? ધરમ; શુચિ કો ? જે શુદ્ધમના;
વિવેકી પંડિતો; વિષ શું ? અવધીર્યા ગુરૂજના[8]. ૩
કશો આ સંસારે બહુ બહુ ફરી સારજ અહો ?
પરસ્વાર્થે જો આ જનમ તુજ તે જન્મજ ખરો;
મદિરા પેઠે શું મનહર કહો ? સ્નેહજ નકી;
દુઃખો દે કો ચોરો ? વિષય જન્મ્યા માનસ થકી[9]. ૪
વધારે કો શ્રેણિ ભવ તણીજ ? તૃષ્ણા વિષયની;
દીસેછે કો વૈરી ? અસુખદ અનુદ્યોગજ સહી;
ભય પ્રાણી પામે અતનુ વદ શાનો ? મરણનો;
છતે નેત્રે અન્ધ પ્રભુ કવણ ? રાગી જન અહો. ૫

---

૧ ખડ્ગની ધાર જેવું તીક્ષ્ણ. ૨ છેલ્લા; અર્થાત્ ચોવીશમા ( શ્રી મહાવીર ) ૩ અહિં પ્રશ્નોત્તરમાં પ્રશ્નની સાથેજ તેના ઉત્તર આપેલા છે; જેમકે ગ્રાહ્ય એટલે ગ્રહણ કરવા યોગ્ય શું ? તો કહેછે કે હિતકર એવી ગુરૂના વચનની પંક્તિ. ૪ પ્રયત્ન કરનારા (છે) ૫ જનસમાજના લાભાર્થે. ૬ બુદ્ધિ શાળી પુરૂષો ભવશ્રેણિને છેદે છે. ૭ જ્ઞાનરૂપી મણિ. ૮ ગુરૂ જનની અવધીરણા કરવી એજ વિષ છે. ૯ મનથી ઉત્પન્ન થયેલા વિષયો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહો આ લોકે કો પ્રબળ જન કેરૂં પદ લહે ?
તરૂણી બાળાના નયનશરથી ના વ્યથિત જે;
સુધા કેરૂં કર્ણાંજલિ થકી કદિ પાનજ ચહે,
( તો ) ભર્યાં વિદ્વત્તાએ[1] સુગુરૂજન શિક્ષા વચન લે.[2] ૬
ગુરૂતા ઇચ્છે જો, કદિ ન કર યાચ્ના પરકને;
ચરિત્ર સ્ત્રી કેરૂં ગહન નહિં ભૂલે ચતુર તે;
નહિં સંતોષી જે નર સરવથા દુર્ગત[3] સહી,
પ્રવૃત્તિનિર્દોષા—જીવન[4] નરનું; અન્યજ નહિ. ૭

મોતીચંદ ઓધવજી ભાવનગર.

# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્ત્તા.

( પૂર્વ અંકના પૃષ્ટ ૨૫૫ થી શરૂ. )

શ્રાવકો, જો તમારે આર્હતધર્મના સંપૂર્ણ અધિકારી થવું હોય તો તમારી પ્રવૃત્તિ કર્ત્તવ્યપરાયણ રાખજો. કર્ત્તવ્યની પ્રવૃત્તિ એજ ખરેખરી પ્રવૃત્તિ છે. તમે અવિરત ધર્મના અધિકારી છો, તેથી તમારે સંસાર વ્યવહારની પ્રવૃત્તિ પણ કરવી જોઈએ. તેમાં એટલું ધ્યાન રાખજો કે, એ સંસાર વ્યવહારની પ્રવૃત્તિ પણ પારમાર્થિક પ્રવૃત્તિથી પ્રતિકૂલ નહીં હોવી જોઈએ; પણ અનુકૂલ હોવી જોઈએ. તોજ પ્રાપ્તવ્ય સહેલાઈથી પ્રાપ્ત કરી શકાવા સાથે સંસાર વ્યવહારમાં પણ સુખ મેળવી શકાયછે. આળસનો ત્યાગ અને ઉદ્યોગનો

૧ વિદ્વતાએ ભરેલાં. ૨ ગ્રહણકર. ૩ દરિદ્ર. ૪ નિર્દોષ પ્રવૃત્તિવાળું જીવન એજ જીવન. અન્ય જીવન એ જીવન નહીં ( પણ મૃત્યુજ સમજવું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદર કરવો જોઈએ. અને તે ઉદ્યોગ પણ ઐહિક પારલૌકિક બંને પ્રવૃત્તિને અનુકૂલ હોવો જોઇએ. એવી પ્રવૃત્તિજ વાસ્તવિક રીતે શ્રાવકધર્મની સત્યતા પ્રદર્શિત કરેછે તથા પરમ સુખનું મૂળ થાયછે.

આ પ્રવૃત્તિ પાપ તથા પુણ્યને લઈ બે વિભાગમાં આવેછે એટલે પાપ પ્રવૃત્તિ અને પુણ્ય પ્રવૃત્તિ—એવી રીતે તેના નામ પડેછે. પાપ પ્રવૃત્તિ ગૃહસ્થને દેશથી ત્યાગ કરવા યોગ્ય છે. તેના પણ સ્થૂળ અને સૂક્ષ્મ એવા બે ભેદ પડેછે એટલે સ્થૂળ પાપ પ્રવૃત્તિ ગૃહસ્થને દેશથી અને સર્વથી ત્યાગ કરવા યોગ્ય છે. અને સૂક્ષ્મ પાપ પ્રવૃત્તિ દેશથી ત્યાગ કરવા યોગ્ય છે. પુણ્ય પ્રવૃત્તિ સર્વદા આદરણીય અને અનુકરણીય છે. તે પ્રવૃત્તિની પવિત્રતાથી પ્રાણી અનુક્રમે રત્નત્રય ધારી થઈ સિદ્ધ શિલાનો અધિકારી થઇ શકેછે.

પુણ્ય પ્રવૃત્તિના પવિત્ર પ્રભાવથી પ્રાણી પ્રશંસનીય અને પૂજનીય થાય છે. તે સાથે તેમણે સર્વાત્મભાવ,—સર્વમાં આત્મભાવ બતાવી મમતા રાખવી તથા પ્રેમ રાખી કોઇનો તિરસ્કાર કરવો નહીં, દયા અને સમતા સર્વદા ધારણ કરવી.

શ્રાવક ભાઈઓ, તમારે તમારા વ્યવહાર માર્ગમાં સર્વદા નીતિનું અવલંબન કરવું. જે વર્ત્તનથી પરિણામ સારૂં આવે, અથવા જે કર્મનું ફળ પરિણામે સુખકર નીવડે તે વર્ત્તન કે કર્મના નિયમોને "નીતિ" કહેછે એ નીતિના નિયમો આ સંસારમાં રહી પાળવા તેનેજ "વ્યવહાર" કહેછે. વળી માનવ જીવિતના હેતુ રૂપ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય તેવા નિયમોને પણ નીતિના નિયમો કહેલા છે. તે પણ યથાર્થ છે. આવા નીતિ નિયમોનું અવલંબન કરી શુદ્ધ વ્યવહાર માર્ગે ચાલનારા મહાશયો આર્હત ધર્મના અધિકારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્ગુણી શ્રાવકો, તમારે શાંતિનો મહાન્ ગુણ ધારણ કરવો. શાંતિનો સંબંધ સ્વભાવની સાથે રહેલો છે. શાંત સ્વભાવ વાળો માણસ દીર્ઘ અને ઊંડી વિચાર શક્તિવાળો હોઇ શકેછે અને તેથી તે નીતિના પવિત્ર નિયમોને શોધી પાળી શકે છે. આ જગતમાં સર્વમાન્ય નીતિનું બંધારણ પણ શાંત વિચારથી બંધાવું જોઇએ. શાંત વૃત્તિ વિના વિચાર એકાગ્ર થઇ શકતો નથી. તેમાં વૃત્તિની એકાગ્રતા થવાની જરૂર છે. આથી શાંતિનો મહાન્ ગુણ સંયમ ની સાથે ઉત્તમ સંબંધ ધરાવેછે. શાંતિના મહાન્ ગુણની સેવા કરનારા મહાશયોના ચરિત્રો શ્રીજૈન શાસનમાં ક્ષણે ક્ષણે આવે છે આનંદધનજીના ઉદ્ગાર અનેક સ્થળે શાંતિના સંબંધથી અલંકૃત છે શમતા અને શાંતિની ભવ્યતા વિષે એ મહાનુશયના સદ્વિચારો ખરેખરા મનન કરવા યોગ્ય છે. આવી શાંતિનું સેવન કરનારા શ્રાવકો આર્હતધર્મના પૂર્ણરીતે અધિકારી થઈ શકેછે.

શ્રાદ્ધો, તમારે એક મહાન્ ગુણ સેવવા યોગ્ય છે તે ક્ષમાગુણ છે. ક્ષમાગુણની મહત્તા વિષે જેટલું કહીએ તેટલું થોડું છે. ક્ષમા પણ શાંત સ્વભાવમાંજ રહેલીછે. અપરાધથી કંપાયમાન થતાં પ્રાણીઓને ક્ષમા આપવાથી કેટલું આશ્વાસન મળેછે? ક્ષમારૂપ દિવ્યશક્તિ ક્ષમાવાન્ ને દિવ્ય બનાવેછે અને તે લોકોત્તર ગુણથી અલંકૃત થાયછે. આ ક્ષમામાં અન્યાય નહીં જોઈએ. ક્ષમા ન્યાયસહિત હોવી જોઇએ. ક્ષમાવડે અનીતિને ટેકો નહીં મળવો જોઈએ. પણ તે સાથે નિર્દયતા ન જોઈએ. સર્વથી ક્ષમાગુણની પ્રશંસા શાસ્ત્રકારો વિશેષ કરેછે. એ મહાન્ ગુણને લઇ જૈન મુનિઓ **ક્ષમા શ્રમણ** કહેવાયછે. જેના હાથમાં ક્ષમારૂપ ખડ્ગ હોય તેને કોઈપણ પરાભવ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતું નથી. પુરૂષનું આભૂષણ રૂપ છે, રૂપનું આભૂષણ ગુણ છે, ગુણનું આભૂષણ જ્ઞાન છે અને જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે. શક્તિ વગરના પુરૂષોનું અને શક્તિવાળા પુરૂષોનું બળક્ષમા છે, આ લોકમાં ખરેખરૂં વશીકરણ ક્ષમા છે, ક્ષમાથી શું સિદ્ધ નથી થતું ? આવો ક્ષમાગુણ જેનામાં સર્વદા જાગ્રત હોય તે શ્રાવક આર્હત ધર્મનો અધિકારી થાયછે.

આટલું વિવેચન કરી મુનિ વૈભવ વિજયે પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું. તેમના વચનામૃતથી તૃપ્ત થએલી સર્વ પરિષદ્ પરમ આનંદને પ્રાપ્ત થઈ અને આદીશ્વર ભગવંતનો જય બોલાવી તત્કાલ વિસર્જન થઈ ગઈ. અપૂર્ણ.

## અસલ ફકીરી અથવા ખરી નિર્ગ્રંથતા.

(લેખક મુની ગુણરાગી કર્પુર વિજયજી.)

(અનુસંધાન પાને ૨૪ થી ચાલુ.)

સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે તેમ બાહ્ય પરિગ્રહ માત્રનો ત્યાગ કરી અંતરંગ કામ ક્રોધાદિક અરિ વર્ગનો જેમણે જય કર્યો છે. તેઓજ ખરા નિર્ગ્રંથ છે.—નિર્ગ્રંથ નામને તેઓજ સાર્થક કરે છે. પરંતુ તેથી ઉલટા વર્તનારા તો નિર્ગ્રંથ નામને બોળે છે—લજવે છે. અલબત એવા દંભી—માયાદેવીના સેવકોને તેમના પ્રતિકૂળ વર્ત્તન માટે ઘટિત શિક્ષા થશેજ થશે. એમાં કશો સંદેહ નથી. ઉપશમ રસમાં ઝીલતા ક્ષમા શ્રમણો, નિંદક કે વંદક ઉપર સમભાવને ધરતાં સમાધિસ્થ રહે છે. તેઓ કષાય કલુષિત લિંગ ધારીઓની પેરે ક્ષણમાસો ક્ષણ તોલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતા નથી. નિંદકને વગોવતા કે વંદકને વખાણતા નથી. બંને પર સરખી હિત બુદ્ધિજ ધારે છે, ખરા યોગીશ્વર એજ કહેવાય છે કે જેઓ ગમે તેવા વિષમ સંયોગો વિષે પણ એક ક્ષણ માત્ર સમભાવ ત્યજતા નથી. બાકી સ્વચ્છંદપણે સાધુ વેષ ધારણ કર્યા છતાં ભોગી ભ્રમર પેરે વિવિધ વિષય વાસના વિવશ થઈ તુચ્છ આશાના માર્યા જ્યાં ત્યાં ભટકનારા તો, ભીખારી લોકોથી પણ, (યોગ ભ્રષ્ટ હોવાથી) ઉતરતા છે, કોઇ રીતે ચઢીઆતા તો નથીજ. એવા પાપ શ્રમણો પવિત્ર શાસનની પ્રભાવના કરવાને બદલે ઉલટી હીલના કરે છે. તેથીજ શાસ્ત્રમાં તેઓ અહિત કલ્યાણ કરનારા કહેવાય છે. યશ કીર્ત્તિની અભિલાષા નહિ રાખતાં કેવળ આત્માર્થીપણે વર્ત્તનારા સુસાધુ જનો તો માન અપમાન કે નિંદા સ્તુતિને સમ જ ગણે છે તેવે પ્રસંગે હર્ષ શોક કરતાજ નથી. તેવા અવધૂત યોગીશ્વરો સર્વથા વંદ્ય છે. તેવા મુમુક્ષુઓજ પ્રતિદિન અપ્રમત્તપણે વર્ત્તી ગુણ શ્રેણી પર ચઢતા જતાં અનુક્રમે મોક્ષ મહેલમાં અક્ષય સ્થિતિ કરી મ્હાલે છે. પરંતુ પરિગ્રહ (મમતા) ના ભારથી ભરેલા દ્રવ્ય લિંગીઓ તો કેવળ દુઃખ પાત્ર હોઇ અધોગતિનાજ ભાગી થાય છે, એટલુંજ નહિ પણ તેઓને પછી ઊંચું આવવું અત્યંત કઠિન થઈ પડે છે. છતાં કેવળ મોહના માર્યા તેઓ બાપડા અતિ અહિતકર અવળે રસ્તે વર્તી ચારે ગતિમાં રવડે છે. ત્યાં દીન અનાથ એવા તે બાપડાને આધાર કોણ? કોઈ કહેતાં કોઈજ નહિ. આનું કારણ માત્ર એજ કે તેમણે સર્વ સુખદાયક સર્વજ્ઞ ભાષિત સત્ય ધર્મને સ્વચ્છંદ વર્તનથી ધક્કો માર્યો, એક સામાન્ય પણ રાજા, અમાત્ય વગેરે અધિકારીનું અપમાન કરવાથી અપમાન કરનારને સખ્ત શિક્ષા ભોગવવી પડે છે તો પછી ત્રિભુવનપતિ શ્રી તીર્થંકર મહારાજની પરમ હિત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારી પવિત્ર આજ્ઞાનું આપમતિ (આપખુદી) થી અપમાન-અવજ્ઞા અનાદર-તિરસ્કાર-ઉલંઘન કરવાથી તેમ કરનારની શી વલે થશે તે સહજ સમજી શકાય તેવું છે. બાહ્ય અને અંતર ઉભય ગ્રથ (ગ્રંથિ-પરિગ્રહ) નો પરિહાર કરવાથીજ નિર્ગ્રંથપણું સિદ્ધ થાય છે. તે વિના તે સિદ્ધ થતું નથી. માટેજ પરમાત્મ પ્રભુની પવિત્ર આજ્ઞાને અક્ષરશઃ અનુસરવાના કામી મુમુક્ષુ જને દ્રવ્ય અને ભાવ ઉભય પરિગ્રહ અવશ્ય પરિહરવો ઘટે છે. દ્રવ્ય માત્રના ત્યાગથી અંતર શુદ્ધિ કર્યા વિના નિર્વિષપણું પ્રાપ્ત થઈ શકતું નથી માટેજ પરમ પદના અભિલાષી જનને ઉભયનોજ પરીહાર કરવો અવશ્યનો છે. દીક્ષિત થયા છતાં દ્રવ્ય પરની અનુચિત (અઘટિત) મૂર્છા પોતાના સંયમ પ્રાણને અવશ્ય અપહરે છે એટલુંજ નહિ પણ તે મૂર્છિત મુમુક્ષુને મોક્ષને બદલે સંસાર ફળ આપે છે. અહા! તોપણ દારૂણ દુઃખદાયી દ્રવ્ય મૂર્છા વિચારીનેજ પ્રવૃતિ કરે તો તેને આવડી મોટી હાણ ખમવી પડેજ નહિ. ખરા યતીશ્વરો જગતથી ઉદાસીન રહે છે. તેઓ ઉત્તમ પ્રકારની ક્ષમા, ઉત્તમ પ્રકારની મૃદુતા (નરમાશ) ઉત્તમ પ્રકારની ઋજુતા (સરલતા) ઉત્તમ પ્રકારની મુક્તિ (સંતોષ) ઉત્તમ પ્રકારની તપસ્યા (ઈચ્છા નિરોધ) ઉત્તમ પ્રકારનો સંયમ (ઇંદ્રિયાદિ નિગ્રહ) ઉત્તમ પ્રકારનું સત્ય (હિત મિત ભાષણ) ઉત્તમ પ્રકારનો શૌચ (પવિત્રતા) ઉત્તમ પ્રકારની અકિંચનતા (સર્વથા પરિગ્રહ રહિતતા) અને ઉત્તમ પ્રકારનું બ્રહ્મચર્ય (બ્રહ્મચરિતા, આત્મરતિપણું) એ દશવિધ શુદ્ધ યતિ માર્ગને અક્ષરશઃ અનુસરવાળા હોયછે. તેઓને શત્રુ મિત્ર સરખા છે. પરમ કરૂણા રસથી તેઓનું હૃદય સદા દ્રવિત (ભીનું) જ હોયછે ગંભીરતાથી સાગરની તુલના કરતા તે મહાશયો અન્ય જનોને બોધકારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાયછે, અને અપ્રમત્તતાના ઉંચા શિખરપર બીરાજી અન્ય ભવ્ય સમૂહને ઉત્તમ દષ્ટાંત ભૂત થાયછે. ઉક્ત મહાનુભાવો કમળનીપેરે ભોગ પંકથી ન્યારાજ રહેછે, તેથીજ તે શુદ્ધાશયો મુક્તિ યુવતી (કન્યા) ને વરવા યોગ્ય બનેછે, અર્થાત્ આવા સંવિજ્ઞ-શુદ્ધાશય સજ્જનોનેજ મુક્તિ કન્યા સ્વયંવરમાળા આરોપેછે અને કાયમનેમાટે પોતાના વલ્લભ (સ્વામી) તરીકે સ્વીકારી તેમને અનંત અક્ષય અવ્યાબાધ સુખના ભોક્તા કરેછે. પરંતુ જેઓ આથી વિલક્ષણ સ્વ-ભાવના છે, તેઓથી તો મુક્તિકન્યા દૂરજ રહે છે. જાણે ગુણના દ્વેષીજ હોય તેમ ગુણી જનોનો સહવાસ પણ જેઓ કરતા નથી, જાણે દોષનાજ પક્ષપાતી હોય તેમ જેમને તેવા હીણા માણસોનીજ સોબત રૂચેછે, જેઓ પ્રમાણિક પંથ તજી અપ્રમાણિક માર્ગનેજ અવ લંબી રહેછે, સદગુણીની સ્તુતિ નહિ કરતાં અન્યાયી અને દુરાચારી દુર્જનનીજ ખુશામત કર્યા કરેછે, યાવત્ આત્મશ્લાઘા અને પરાપવાદ કરવામાંજ કુશળતા વાપરેછે, તેવા સ્વચ્છંદચારી સાધુજન ઉપર પરમ ન્યાયી પ્રભુ શીરીતે પ્રસન્ન થાય ? જેઓ શાંતિ–સુખદાયક ભવભીતિવારક, અમૂલ્ય ઉપદેશ દાનથી ભવ્યજનોદ્ધારક, પરમશાંત મુદ્રાલંકૃત શ્રીજિનેશ્વરાદિકની પરમ સમાધિકારક સન્મૂર્તિની ઉચિત ભક્તિ–સેવા બહુ માનાદિકનો આપમતિથી અનાદર કરી ઉત્પથ ગામી મુગ્ધ જનોનો પરિચય–આદર કરે છે તેવા સ્વચ્છંદ વર્ત્તન-માટે ભવાંતરમા તેમનોજ આત્મા પરિતાપ સહન કરશે. જેઓ મર્યાદા મુકી, નાના પ્રકારના રસગ્રહણ કરવામાંજ કે મોજમાં આવે તેવું આડું અવળું વેતરવા (મુખરીપણા) માંજ રસના (જીભ)નું સાર્થક પણું માનેછે. પરંતુ જ્ઞાની પુરૂષોના હિતબોધ મુજબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોગને રોગ સમાન અથવા વિષય રસને વિષ ( હલાહલ ઝેર ) સમાન લેખી તેથી લગાર પણ વિરમતા નથી, યાવત્ ઉચ્છૃંખલ થઈ જેમ આવે તેમ મદ–મત્તાની પેરે બકયા કરેછે, તેઓનું ભવ્ય ( ભલું ) થવું વેગળુંજ છે. જેઓ આત્માની સહજ ( સ્વભાવિક ) સુગંધ ( સુવાસના ) ને અનાદર કરી, કેવળ કૃત્રિમ પુદગ્લિક સુગંધ લેવા લલચાય છે અને દુર્ગંધ પ્રતિદ્વેષ ( અરૂચી ) ધારે છે એવા મુગ્ધ મુમુક્ષુ મહોદય–મોક્ષ મેળવવા ભાગ્યશાળી શીરીતે નીવડી શકે ? જેઓ પરમ ઉપગારી તથા ગુણનિધાન શ્રી ગૌતમ સદશ ગુરૂ-મહારાજની દ્રવ્ય અને ભાવ ( બાહ્ય અને અભ્યંતર ) ભક્તિનો અપૂર્વ લાભ તજી અવગણી વિવેક વિકળ બની નીચ અબળા (પુંશ્ચ-લી–કુલટા–કુમતિ–કુટિલા) નો સંગ–પરિચય કરી પૂર્વે અરિહંતા-દિક પંચ સાક્ષીથી ગ્રહણ કરેલા મહાવ્રતોને ઉંચા મૂકેછે અને પવિત્ર હંસ વૃત્તિ ત્યજી કાગવૃત્તિ ધારેછે યાવત્ સિંહવૃત્તિ ત્યજી શ્વાન વૃત્તિ ધારેછે તેવા અધમ અનાચારી વેષ વિડંબક હેવાનોના શા હાલ થશે તે સહજ સમજી શકાય તેવું છે. મન વચન અને કાયાના યોગોને શ્રી વીતરાગ વચનાનુસારે નિયમમાં રાખવાથી ક્ષણાર્ધમાં પ્રાણી સ્વસમીહિત ( વાંચ્છિત ) સાધી શકેછે, અને તેથી વિરૂદ્ધ વર્તતાં સંસાર ચક્રમાં વારંવાર છુંદાયછે, તે ઉપર શ્રી ઉપદેશ માળામાં કંડરિક અને પુંડરિકનું દ્રષ્ટાંત ખાસ ધડો લેવા યોગ્ય છે, તે આત્માર્થી સજ્જનોએ ત્યાંથીજ જોઇ લેવું. એમ સમજી સ્વહિ-તકાંક્ષી કોણ મુમુક્ષુ સજ્જન ઉક્તયોગોનો દુરૂપયોગ-સ્વચ્છંદ વર્તન કરી ભવભ્રમણ વધારવું પસંદ કરશે ? અપિતુ કોઇજ નહિં. એવો કોણ મુર્ખ શિરોમણી હોય કે ચિંતામણી રત્ન કાગડાને ઉડાડવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્રમાં હારી જાય? એવો કોણ બુદ્ધિનો બારવટીઓ હોય કે ગજરાજને તજી ગર્દભ ઉપરસ્વારી કરવા સ્વીકારે? એવો કોણ મતિહીન હશે કે જે સુવર્ણ સ્થાળમાં ધૂળ ભરશે? એવો કોણ મતિઅંધ હશે કે જે મહાસાગર પાર પમાડવા સમર્થ પ્રવહણને ફક્ત એક ફલકની ખાતર ભરદરીઆમાં ભાંગી નાંખશે? તેમ આ દુસ્તર દુઃખોદધિથી તારી ક્ષેમકુશળ મોક્ષનગર પહોંચાડવા સમર્થ સર્વ વિરતિ ચારિત્ર રૂપ પ્રવર પ્રવહણ ઉપર પૂર્વ પૂણ્યયોગે આરૂઢ થઈ પછી કોણ મંદ મતિ કેવળ વિષય તૃષ્ણાનો વાહ્યો સ્વચ્છંદ વર્ત્તનથી તેને વચાળેજ ભાંગી નાંખી પોતાના આત્માને પણ દુઃખ દરિયામાં સાથેજ ડુબાડે? આવે પ્રસંગે હરેક ભવભીરૂ આત્માર્થી સજ્જનને કેટલુંબધું ચેતતા રહેવાનું છે તેનો સહૃદયને તો ખ્યાલ આવ્યા વિના રહેશે નહિ. બાકી દુર્વિદગ્ધ (અર્ધ દગ્ધ) ને માટે તો સમજાવવા બ્રહ્મા સરખો પણ સફળ થઇ શકતો નથી તો પછી આપણા જેવાનું તો શું ગજું? અર્થાત્ તેવા મિથ્યાડંબરી—પંડિત મન્યને સમજાવી—ઠેકાણે આણવાનો એકે ઉપાય દેખાતો નથી. છેવટે થાકીને 'पापःपापेन पच्यते' એજ સિદ્ધાંત પર આવવું પડે છે. આમ જ્ઞાનાનંદી શ્રીમદ્ ચિદાનંદજી મહારાજજીએ આપણ અજ્ઞજનોને ટુંકમાં અસલ નિગ્રંથ (સાધુ—અણગાર) નું સ્વરૂપ સમજાવી આપણું ધ્યાન સત્ય વસ્તુ તરફ ખેંચ્યું છે. જો આવા મહાપુરૂષનાં પ્રમાણિક વચનથી આપણને સત્ય વસ્તુનું (અત્ર અધિકારે સુગુરૂનું) ભાન થયું તો આપણને અવશ્ય ખોટી વસ્તુ ઉપર અરૂચિ—ત્યાગ ભાવ થવો જોઈએ. તતઃ **ज्ञानस्यफलं विरतिः** સૂર્યનો ઉદય થયે છતે અંધકારનો નાશ થવોજ જોઈએ તેમ સત્ય જ્ઞાન પ્રકાશથી અનાદિ અવિદ્યા—અવિવેક ટળવોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ. જગતમાં પરીક્ષક લોક સુવર્ણ રત્નાદિક બરાબર પરીક્ષા પૂર્વકજ લે છે, તે વિના લેતા નથી. આવો પ્રગટ વ્યવહાર અનુભવ સિદ્ધ છતાં તત્વ પરીક્ષામાં પ્રાણી બેદરકાર રહે તે ઓછા ખેદની વાત નથી. આવી બેદરકારીથી અનેક મુગ્ધ અને મુગ્ધાઓ કુગુરૂના પાસમાં પડી વિપરિત આચરણથી આત્માને મલીન કરી અધોગતિ પામ્યા છે. આવું પવિત્ર શાસ્ત્ર પ્રમાણથી જાણતાં છતાં રાગાંધ થઈ વિવેક વિકળ બની પ્રાણી અવળે રસ્તે દોરાય તેમાં શું આશ્ચર્ય ? માટે મધ્યસ્થતા પૂર્વક સર્વજ્ઞ કથિત આગમ અનુસારે તત્વ પરીક્ષા કરી શુદ્ધ દેવગુરૂ ધર્મનો નિર્ધાર કરીઅશુદ્ધનો સર્વથા ત્યાગ અને શુદ્ધનો સર્વથા સ્વીકાર કરવો વિવેકી સજ્જનોને સર્વદા ઉચિતછે. અને બાહ્યાડંબરી-દંભી—માયાદેવીના ભક્તોની પેરે ધર્મના બાને મુગ્ધ જનોને ઠગવામાં મહા પાપ છે એમ સમજી સારા ભાગ્ય યોગે સાંપડેલા સાધુ વેષ ( ભેખ ) ને ભજવવા ભવભીરૂ મુનિજનોએ સતત્ પ્રયત્ન કરવો ઘટે છે. ‘ઉત્તમ સંગે ઉત્તમતા વધે’ એ વૃદ્ધ વાકય પ્રમાણે કરી જેમ જગ જયવંતા જિનશાસનની પ્રભાવના થવા પામે તેમ મુમુક્ષુવર્ગને સમય અનુસરી વર્તવા વિનંતી છે. આશા છે કે તે સફળ થશે.

જેમના ઉપર કેવળ જૈન કોમનોજ નહિ કિંતુ સારી આલમનો આધાર છે તે મહાત્માઓનું વર્ત્તન કેવા ઉત્તમ પ્રકારનું જોઇએ ? તેમની કહેણી અને કરણી કેવી એક સરખી જોઇએ ? ઉદ્ધત ઘોડાની જેમ અવળે રસ્તેજ દોરી જતાં મન અને ઇંદ્રિયોને કાબુમાં રાખવા તેમણે કેવા સાવધાન રહેવું જોઇએ ? ચિંતામણી સદૃશ નવ કોટિ શુદ્ધ બ્રહ્મચર્યનું રક્ષણ કરવા નવ બ્રહ્મવાડો તેમણે કેવી શુદ્ધ પાળવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ ? તેમજ નિર્મળ સ્ફટિક રત્ન સમાન શુદ્ધ આત્મસ્વભાવ પ્રગટ કરવા તેમણે ચંડાળ ચોકડી ( ક્રોધ, માન, માયા અને લોભ ) નો સર્વથા ત્યાગ કરી કેવી નિષ્કષાય વૃત્તિ ધારવી જોઇએ ? નિર્મળ ધર્મ ધુરીણ થઇ અહિંસાદિક પંચ મહાવ્રતોનો અપાર ભાર કેવી સાહસીકતાથી નિર્વહવો જોઈએ ? વળી પવિત્ર પંચાચાર પોતે પાળવા તથા અન્ય મુમુક્ષુ વર્ગ પાસે પ્રતિદિન પળાવવા તેઓ કેવા પ્રયત્ન શીલ જોઇએ ? તથા પરમ પવિત્ર પ્રવચન માતા ( પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ) નો પરમ આદર કરવા તેઓ કેવા લબ્ધ લક્ષ્ય હોવા જોઈએ ? તેને માટે તો પવિત્ર જૈનાગમજ પ્રમાણ છે. ઉક્ત આગમમાં સત્ય–નિર્દંભ મુમુક્ષુ માટે જે જે રીતિ નીતિ જણાવેલી છે તે તે સર્વ સંપૂર્ણ આદરથી આદરતાંજ ખરી નિર્ગ્રંથતા ટકી શકેછે. તે વિના કેવળ લિંગધારીપણું તો માત્ર વિડંબના રૂપજ છે. મહા લબ્ધિ પાત્ર શ્રી ગૌતમસ્વામી જેવો ઉત્તમ વેષ ધારણ કર્યા છતાં જેઓ ઇંદ્રિયોના દાસછે, પવિત્ર બ્રહ્મચર્યના ધાતકારી સ્ત્રી પરિચયાદિકને નિઃશંક પણે સેવ્યા કરેછે; તેમજ જેઓ ક્રોધાદિ કષાય તાપને શાંત કરવાને બદલે ઉલટા વધારતાજ જાય છે, લોકલજ્જા તેમજ ધર્મ લજ્જા ( મર્યાદા ) ને લોપી સંસારની વૃદ્ધિ કરતા જાય છે, શ્રી અરિહંતાદિક પંચની સાક્ષીથી પવિત્ર પંચ મહાવ્રત ધારણ કર્યા છતાં તેથી બિરૂદ્ધ વર્ત્તન કરે છે, ક્ષમાદિક દશ વિધ યતિ ધર્મનો આદર કરતા નથી, ગળીઆ બળદ પેરે પ્રમાદ વિવશ વર્ત્તી પંચાચારનો અનાદર કરે છે; યાવત્ અષ્ટ પ્રવચન માતાનો પણ કુપુત્રની પેરે તિરસ્કાર કરે છે; આવા અનાર્ય આચરણવાળાનું દ્રવ્ય લિંગ માત્રથી ભલું શી રીતે થાય તે સમજવું મુશ્કેલ નથી. તાત્પર્ય એજ છે કે સદ્ગુણો વિના લિંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્રથી કંઇપણ વળવાનું નથી. એમ સમજી શાણા સજ્જનો સત્ય નીતિ રીતિ આદરી સદા સ્વપર ઉપકાર સાધવા ચૂકશે નહિ.

તથાસ્તુ.

# ભવાટવીમાં ભ્રમણતા.

( અનુસંધાન પાનું ૨૬૪ થી ચાલુ. )

હવે તેના પૂર્વના પુણ્યના પ્રભાવથી એક પવિત્ર પુરૂષનો સમાગમ થયો. તે પુરૂષ ભવાટવીના પશ્ચિમ ભાગે ઉભો હતો. તેની મુખમુદ્રા શાંત હતી. લલાટ ઉપર દિવ્ય તેજ ચળકતું હતું મુખાકૃતિ ઉપર પરોપકાર, પવિત્રતા અને ધાર્મિકતા દેખાતી હતી. તેને જોતાંજ મુસાફર ખુશી થયો. તેના હૃદયમાં સ્વાભાવીક રીતે ભક્તિભાવ જાગ્રત થયો. તેણે આવી તે મહાત્માને વંદના કરી. પછી મહાત્માએ તે પુરૂષને પુછ્યું કે, તું કોણ છે? અને ક્યાંથી આવે છે? મુસાફરે વિનયથી કહ્યું, હું મુસાફર છું. વિવિધ દેશ જોતો જોતો ભુલો પડી આ ભવાટવીમાં આવી ચડ્યો છું. હવે આ ભવાટવીનો છેડો ક્યાં છે તે હું શોધું છું. આપ કૃપાલુ મહાશય, મને સારો માર્ગ બતાવશો તો ઉપકાર થશે. હું દિગ્મૂઢ થઇ ભમ્યા કરૂં છું; અનેક જાતના જંગલી પુરૂષોએ આ અટવીમાં મારી વિડંબના કરી છે. હવે આપ કૃપા કરી સન્માર્ગ બતાવી મારો ઉદ્ધાર કરશો. તે મુસાફરના આવા વચન સાંભળી તે પવિત્ર પુરૂષને દયા આવી. તેણે હાસ્ય કરી જણાવ્યું, ભદ્ર, તું ભવિક છું. આ ભવાટવીનો અહિં છેડો છે. પણ અહિંથી બે માર્ગ તારી દ્રષ્ટિએ પડશે. તેમાં જે દક્ષિણ માર્ગ છે, તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું પ્રસાર થજે. જે વામ માર્ગ છે, તેને છોડી દેજે. જો વામ માર્ગે જઈશ તો તારે ફરીવાર ભવાટવીનું ભ્રમણ થશે. આટલું કહી તે મહાશય અદશ્ય થઈ ચાલ્યા ગયા. પેલો મુસાફર તેમના વચનને અનુસરી દક્ષિણ માર્ગે ચાલ્યો અને છેવટે કેટલેક કાળે ભવાટવીમાંથી તેમો ઉદ્ધાર થઇ ગયો.

વાંચનાર, ભવાટવીમાં ભ્રમણ કરનારા સંસારી જીવ રૂપ મુસાફરને જે પવિત્ર પુરૂષ મલ્યો, તે ચારિત્ર ધારી ગુરૂ હતા. ગુરૂએ તે ભવિક પ્રાણીને બે માર્ગ બતાવ્યા, તે જૈન અને મિથ્યાત્વ સમજવા. દક્ષિણ માર્ગ તે જૈન અને વામ માર્ગ તે મિથ્યાત્વ. તે મુસાફર જો વામ માર્ગ રૂપ મિથ્યાત્વે ચાલ્યો હોત તો તેને પાછું ભવાટવીમાં ભ્રમણ કરવું પડત. ઉપકારી ગુરૂએ તેને તેથી દક્ષિણ માર્ગે ચાલવાની સૂચના આપી હતી. દક્ષિણ માર્ગે ચાલનારો અને ગુરૂ ભક્તિથી પવિત્ર એવો એ જીવ રૂપ મુસાફર કામ, ક્રોધ, લોભ અને મોહ રૂપ ચાર કષાયને છોડી સદ્‌ગતિને પ્રાપ્ત થયો.

આ પ્રમાણે ભવિપ્રાણી આ ભવાટવીનું સ્વરૂપ સમજી અને તેનો ઉપનય યથાર્થ રીતે જાણી ગુરૂનું શરણ લઇ પરમપદને પ્રાપ્ત થાય છે. ગુરૂનો પવિત્ર ઉપદેશ કેવું મહત્ કાર્ય કરે છે અને તે ઉપદેશની સહાયથી પ્રાણીને કેવું બળ આવે છે તેનું આબેહુબ વર્ણન કવિકુલ શિરોમણી પદ્માનંદ નીચેના શ્લોકમાં કરેછે—

रे रे मोहहताश तावकमिदं धिक्पौरुषोज्जृंभितं
विस्रब्धं भवसागरे किल भवान्संयम्य मां क्षिप्तवान् ।
संप्रत्याप्तगुरूपदेशफलकः पारं प्रयातोऽस्म्यहं
शौटीर्यं तव विद्यते यदधुना दोष्णोस्तदा दर्शय ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" અરે અભાગી મોહ ! તારા આ પરાક્રમને ધિક્કાર છે. તેં મારા જેવા વિશ્વાસી માણસને બાંધીને આ સંસાર રૂપ સાગરમાં નાખી દીધો. પણ હમણાં ગુરૂના ઉપદેશ રૂપ પાટીયું મને પ્રાપ્ત થયું છે, તેથી હુ એ મહાસાગરના પારને પામ્યો છુ હવે જો તારી ભુજામાં પરાક્રમ હોય તો બતાવજે. " અહા ! આ કેવી હિંમત ? તે હિંમત આવવાનું કારણ ગુરૂનો ઉપદેશ હતો.

# કચ્છ મહોદય

અથવા

## મુનિવિહારનો મહિમા.

મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના પ્રભાવથી કચ્છદેશમાં આર્હત ધર્મની ઉન્નતિના શુભ ચિન્હો પ્રત્યેક સ્થાને પ્રકાશિ રહ્યા છે. આ અનૂપદેશનો ધાર્મિક ઉદય ઉત્કૃષ્ટ પ્રકારે થઇ રહ્યો છે. સ્થાને સ્થાને જૈન ધર્મના વિજયનાદના પ્રતિ ધ્વની નભોમંડલને ગજાવે છે. મિથ્યાત્વના કુરીવાજોનો ઉચ્છેદ નિર્મૂલથી થતો જાય છે. વ્યાખ્યાનશાલામાં જિનાગમની વાણી રૂપ સુધામય વૃષ્ટિ થાય છે. કચ્છી જૈન પ્રજાના મુખમાંથી અભિનંદનના ઉદ્ગારો નીકલે છે. મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજની વ્યાખ્યાન વાણી સાંભળવાને લોકો ઉમંગથી ભાગ લેવા આવે છે.

ગયા શ્રાવણ માસની શુક્લ ત્રયોદશીનો દિવસ કચ્છદેશની રાજધાનીમાં મહોત્સવનો હતો. ત્યાં આવેલા દાદાના દેરાશરમાં ઘણા ઠાઠમાઠથી પૂજા ભણાવવામાં આવી હતી. કચ્છીલોકો આત્માને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃતાર્થ કરવા તે મહોત્સવમાં આનંદ પૂર્વક પ્રવર્ત્તતા હતા. અનેક વાજિંત્રોના ધ્વનિઓથી કચ્છ ભૂમિને ગજાવતો જલયાત્રાનો વરઘોડો મોટા આડંબરથી નીકલ્યો હતો. પૂજા વખતે કચ્છીભાષાના ધર્મ-ગીતથી જિનમંદીરનો મધ્યમંડપ ગાજી રહ્યો હતો.

આજ ઘણો વખત થયા કચ્છ દેશમાં પ્રભુના વરઘોડાની અંદર પ્રભુની પાલખીને મજુરો ઉપાડતા હતા. આવા કુરીવાજની પ્રવૃત્તિ ઘણા દિવસ થયા એ અનભિજ્ઞ દેશમાં ચાલતી હતી; તે કુરીવાજને અનુચિત જાણી મુનિરાજ શ્રી હંસવિજયજીએ દૂર કરાવ્યો છે. હવે પ્રભુની પ્રભાવિક પાલખીને શ્રાવકો વહન કરવા લાગ્યા છે.

આજે ઘણાં વર્ષ થયા કચ્છ દેશમાં શીતળા સાતમ પાળવાનું મિથ્યાત્વ ચાલતું હતું. અજ્ઞાની અબળાઓ એ કુરીવાજને કદીપણ છોડતી ન હતી. આ મહામિથ્યાત્વને મહામુનિ શ્રી હંસવિજય-જીએ પોતાની વાણીના પ્રભાવથી દૂર કર્યું છે. પ્રતિબોધ પામેલા શ્રાવકો અને શ્રાવિકાઓએ એ કુરીવાજ દૂર કરવાના પ્રત્યાખ્યાન લીધા છે. ધર્મ પ્રભાવક મહામુનિશ્રીના પવિત્ર પ્રતિબોધથી ભદ્રે-શ્વર તીર્થમાં શ્રી સુધર્મા સ્વામિની મૂર્તિ સ્થાપવાનો અને માંડવી-ના દેદીપ્યમાન દેરાસરમાં મહોપકારી આચાર્ય શ્રી વિજયાનંદ સૂરિની મૂર્ત્તિ પધરાવવા નિશ્ચય કરવામાં આવ્યો છે. ભારતવર્ષની જૈન પ્રજાના મહોપકારી મહાશયોનું સતત સ્મરણ રહેવાના હેતુ-થી તેવો પ્રચાર સર્વ જૈનોએ અનુકરણ કરવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સૌથી સરસ માર્ગ.

જે લોકો પોતાની વિચાર શક્તિને જરા વધારે લંબાવીને મનન કરશે, તેને સહજ જણાશે કે "પુરૂષ પ્રયત્ન કરે છે છતાં કેટલીકવાર એવું બને છે કે તેમાં તેને ફતેહ મળતી નથી." આ ઉપરથી એમ જણાય છે કે ફતેહ મળવી અગર નહિ મળવી તે મનુષ્યના સ્વાધીનમાં નથી. હવે સ્વાભાવિક એવો સવાલ પેદા થાય છે કે ત્યારે તે ફતેહ મળવી કોના સ્વાધીનમાં છે? આપણે કહી શું કે તે કર્મને આધીન છે. ત્યારે શું આપણે એમ માની લઇશું કે જેમ કર્મમાં હશે તેમ બનશે? નહિ. તેમ માનવું કાયર અને ભીરૂ પુરૂષનું કામ છે; તેમ કહેનારા લોકો કર્મની વ્યાખ્યા બરાબર સમજતા નથી. પ્રથમ તો ઉદ્યમ અને કર્મ એ બેઉ કાંઈ વસ્તુતઃએ ભિન્ન નથી. અન્ય શાસ્ત્રમાં પણ કહેલું છે કે **पुरुष प्रयत्न ने ईश्वर इच्छा**, તથા **यत्ने कृतेयदि नसिध्यति कोत्र दोषः** આ વાક્યો આપણને એવું સૂચવે છે જે ઉદ્યમ કર્યા વિના તેમજ બુદ્ધિ પૂર્વક શક્તિનો ઉપયોગ કર્યા વિના કોઈ માણસ ઊંચી પાયરીમાં આવી શકતો નથી. અલબત, જે કાર્યમાં કાંઇપણ લાભજ ન હોય તેને માટે ઉદ્યમ કરવો નિષિદ્ધ છે.

પરંતુ શુભ કર્મોમાં હમેશાં પ્રવર્ત્તમાન રહેવું જોઈએ. આપણે કહીએ છીએ કે કર્મને આધારે સર્વ રહેલું છે, જેવાં આપણે પૂર્વ ભવમાં તેમજ જન્મથી માંડીને અત્યાર સુધીમાં કર્મ કરેલાં હોય છે તેનું ફળ આપણા ભોગવવામાં પ્રત્યક્ષ આવે છે, તો તેના ઉપરથી પણ સમજાઈ જાય છે કે શુભ કાર્યમાં ઉદ્યમ કરવો તે દરેક મનુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષ્યની ઉત્તમ ફરજછે. 'કર્મ.' નો અર્થ પણ એવોજછે કે 'કાર્ય.'– મતલબ કે શુભ કાર્ય કરવું અથવા ઉદ્યમ કરવો. શુભ કાર્ય કરે તો શુભ ફળ ઉત્પન્ન થાય છે અને અશુભ કાર્યનું અશુભ ફળ મળે છે. માટે કર્મ અને ઉદ્યમ બેઉ જુદી વસ્તુ છે, એમ માનવું વ્યાજબી નથી. કોઈ વખતે શુભ કાર્ય કર્યા વિના સારા ફળની આશા રાખનાર માણસ મૂર્ખ છે. અલબત, શુભ કાર્ય કર્યું છતાં તેનું ફળ તત્કાળ ન મળ્યું તો અમુક કાળ પછી અગર જન્માંતરમાં તો જરૂર મળવાનુંજ. આ વાત સર્વ શાસ્ત્ર સિદ્ધ છે. આપણે બીજનું દ્રષ્ટાંત લઇશું; કેટલાંક બીજ એવાં હોય છે કે જેને વાવ્યાં છતાં ફળ આવતાં ઘણી વાર લાગે છે, અને કોઇ એવાં પણ બીજ હોય છે કે જેનાં ફળ આપણને સત્વર મળે છે. જે પ્રમાણે સારાં અથવા નઠારાં બીજના પ્રમાણમાં આપણને સારાં અથવા નઠારાં ફળ મળે છે, તેજ પ્રમાણે આ પણ નિરંતર સમજવાનું છે જે સારા અથવા નઠારા કર્મનો બદલો પણ કોઇ પણ કાળે ભોગવ્યા વગર છૂટકો નથી.

જે પ્રમાણે બીજ કારણ છે અને ફળ વિગેરે તેનાં કાર્ય છે, તેજ પ્રમાણે પ્રથમ કરેલું કર્મ કારણ છે, અને હાલમાં જે આપણે તેનો વિપાક ભોગવીએ છીએ તે કાર્ય રૂપ છે, માટે કારણથી કાર્ય કોઈ દિવસ ભિન્ન હોતું નથી. અને તેથી કરીને આપણે પ્રથમ જે શુભ અગર અશુભ કર્મ રૂપ ઉદ્યમ કર્યો હતો તેનેજ આપણે ભોગવીએ છીએ. માટે શુભ અગર અશુભ ઉદ્યમ જેનું નામ કર્મ અપાયેલુંછે તેજ આપણને સુખ દુઃખ આપનાર છે. માટે શુભ ઉદ્યમ કરવો તે ઉભય લોકને પવિત્ર કરનાર છે. ઉપર કહ્યા પ્રમાણે આપણા સર્વના જાણવામાં છે જે " કર્મ તેવું ફળ " મળશે પરંતુ તેમ છતાં આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોરી, પરસ્ત્રી સેવન, અસત્ય બોલવા વિગેરેનું મન શામાટે થાય છે, તેનો ખુલાસો કરવો અત્રે જરૂરનો છે; તેનું કારણ એટલુંજ કહી શકાય છે કે આપણામાં હજુ અશુભ કર્મને જીતવાની યોગ્યતા આવી નથી. કોઈ એવો સવાલ કરશે કે 'યોગ્યતા' તે શી વસ્તુ છે? તે યોગ્યતા આપણામાંજ રહેલી છે, કે આપણાથી ભિન્ન છે? તેનો જવાબ એટલોજ આપી શકાય છે કે તે આપણામાંજ છે. તે અમુક પ્રકારની આપણા દેહમાં રહેલી સત્તા છે, તેને આત્મ સત્તા કહે છે. તે સત્તા જ્યારે પ્રબળ થાય છે ત્યારેજ કર્મપર જય મેળવી શકાય છે. પરંતુ જ્યાં સુધી દુરૂપયોગ કરી બાહ્ય (પુદગળીક) સુખમાં મજા માણવામાં આવે છે, ત્યાં સુધી કર્મની સત્તા પ્રબળ થતી જાય છે અને આત્મસત્તા ઓછી થતી જાયછે. પરંતુ જ્યારે દેહપર તથા અન્ય વસ્તુઓપરથી મમત્વ ઉઠાવી લઇ સ્વાર્થનો પરિત્યાગ કરી જીવ જ્યારે સ્વાત્મામાંજ આનંદ માનવા લાગે છે, ત્યારે તેની આ સઘળી મુશ્કેલીઓ પરાસ્ત થઈ જાય છે, અને તે વખતે તે આત્મા યોગ્ય અને સત્તાવાન થયો કહેવાય છે. આટલી હદે પહોંચવા સુધીમાં સઘળું ઉદ્યમે કરીનેજ સાધ્ય છે, માટેજ કહેલું છે કે સદ્ઉદ્યમ કરવો. જ્યાં સુધી કર્મનું જોર માણસમાં પ્રબળ હોય છે ત્યાં સુધીજ તેને એવી ભાવના રહે છે કે 'ભાવી' બનવાનું હશે તેમ બનશે પણ જ્યારે કર્મ સ્થિતિ પરિપાક પામી ગઈ હોય છે અથવા અલ્પ થઈ હોય છે, ત્યારે તેનું વલણ આત્મ નિરીક્ષણ તરફ થાય છે. તેની સ્વાભાવિકજ એવું સમજવાની ઈચ્છા થાય છે કે હું કોણ છું? આ સંસાર શું છે? આ જન્મ મરણની વિચિત્રતા શું છે? આ બધું કોના પ્રભાવથી જગજ જાળ ચાલે છે? અને મારૂં કર્તવ્ય શું છે? વિગેરે બાબતોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરતાં તેને સાફ જણાય છે જે મોત એ વાતતો પ્રત્યક્ષ છે, સાથે કાંઈ આવવાનું નથી, માટે યથાશક્તિ પરોપકાર કરવો અને પોતાના આત્માનો ઉદ્ધાર કરવો તેજ કર્તવ્ય છે માટે આ પ્રમાણે ઉદ્યમથી મોક્ષ મેળવવો અને અશુભ ઉદ્યમ કરી આત્માને ભારે કર્મી નહિ બનાવવો, તેમજ આ સંસારમાં પણ આપણી આખી જીંદગીને દુઃખમય ઉપાધિવાળી કરી નાંખી અશુભ કર્મથી લિપ્ત ના કરવી એજ આ લેખનો ઉદ્દેશ છે. તથાસ્તુ શં ભવતુ.

Shah Raichand Kasalchand.

Benares Jaina Pathashala.

# વર્તમાન સમાચાર.

## આત્માનંદ પ્રકાશના નવા તંત્રી.

અમારી આત્માનંદ સભાને અંગે પ્રસિદ્ધ થતા આ આત્માનંદ પ્રકાશના તંત્રી મર્હુમ મી. મુલચંદ નથ્થુભાઈના સ્વર્ગવાસને લીધે ખાલી પડેલું એ તંત્રીપદ મી. મોતીચંદ ઓધવજી કે જેમના લેખ આ પ્રકાશમાં હમણાં હમણાં પ્રસિદ્ધ થતાં હોવાથી સૌ કોઈ નામથી તો ઓળખતા હશેજ, તેમને એ (તંત્રીપદ) સ્વીકારવાને આ સભાના આગેવાન સભાસદોએ આગ્રહ પૂર્વક વિનંતિ કરવાથી, એમણે એ તંત્રીપદ સ્વીકાર્યું છે. એ કારણને લઈને હર્ષ પ્રદર્શિતકરવાને અમારી સભાની એક જનરલ મીટીંગ મી. મગનલાલ ઓધવજીના પ્રમુખપણા નીચે મળી હતી. મીટીંગ મળવાનું કારણ કહી સંભળાવ્યા બાદ મી. મોતીચંદને લેવા માટે બે આગેવાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાસદોને મોકલવામાં આવ્યા હતા-જેમની સાથે મી. મોતીચંદ સભાના મકાનમાં દાખલ થતાં સર્વ સભાસદોએ એમને હર્ષનાદથી વધાવી લીધા હતા. ત્યારબાદ આ સભાના એક આગેવાન સભાસદ મી. વીરચંદ પ્રેમચંદ દલાલ જેઓ હાલની યુનિવર્સીટીની કેળવણી લીધેલ હોવાથી **વિદ્યાદેવીના** પૂરા ઉપાસક છે. એમણે મી. **મોતીચંદની** લાયકાતની પ્રશંસા કરીને જણાવ્યું હતું કે મી. **મોતીચંદ** જેવા આપણા **પ્રકાશના** તંત્રી મળવાથી આપણે આપણને પુરા ભાગ્યશાળી સમજવા; કારણકે એઓએ હાલના જમાનાને અનુસરી કાલેજની કેલવણી અને તેની સાથે સંસ્કૃત ભાષાનું પણ ઘણું ઉચ્ચ જ્ઞાન સંપાદન કરેલું છે. તે પછી મી. મોતીચંદે પોતે સ્વીકારેલું એ કાર્ય ઘણી ખંતથી બજાવી **આત્માનંદ પ્રકાશને** ચઢતે પદે લઇ જવાને માટે પોતાથી બનતો પ્રયાસ કરવાનું જાહેર કર્યું હતું; છેવટે પ્રમુખ સાહેબ પોતાનો અભિપ્રાય દર્શાવતાં બોલ્યા હતા કે આવા વિદ્વાન નરરત્નને આપણા માસિકના તંત્રી તરીકેનું માનવંતું ઉચ્ચપદ સ્વીકારવાની ભલામણ કરવામાં આપણે ઘણા વ્યાજબી છીએ અને એઓએ પણ એ પદ સ્વીકારીને પોતાની લાયકાતને છાજતું કરી આ સભાને આભારી કરી છે. જેથી આપણે આપણો અભ્યુદય થયેલો સમજવો જોઇએ. ત્યારબાદ એમને ફુલહાર ગોટા આપી, પધારેલા ગૃહસ્થોને ઉપકાર માની મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

## શેહેર ભાવનગરમાં અઠ્ઠાઇ મહોત્સવ.

ભાવનગરના જૈન વર્ગના ગૃહસ્થ અને મુંબઈના કાપડના વેપારી શા **ત્રીભોવનદાશ** ભાણજીએ પોતાની માતુશ્રી બાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર્વતી ગયા ફાગણ માસમાં સ્વર્ગવાસ થવાથી તેની ઉત્તર ક્રિયા ધર્મક્રિયા પૂર્વક કરેલી છે આજકાલ ફરજીઆત રીતે દ્રવ્યનો મોટા ભાગ ઘણા માણસો ખર્ચે છે. પરંતુ મરનારની પાછળ કાંઈપણ ધર્મ ક્રિયા થઈ શકતી નથી. આ કનિષ્ટ પદ્ધતિને દૂર મૂકી શા. ત્રીભોવનદાસ ભાણજીએ ઉભય પક્ષને માન આપી પોતાના સ્વર્ગવાસી માતુશ્રીની ઉત્તરક્રિયા પૂર્ણ શ્રદ્ધાથી દીપાવી છે તેની પાછળ અઠ્ઠાઇઉત્સવનો આરંભ કરી સાત દિવસ સુધી લઘુ સ્વામીવાત્સલ્ય અને એક દિવસ નવકારશીનું સ્વામીવાત્સલ્ય કર્યું હતું. અમે તેમને ધન્યવાદ આપીએ છીયે. અને બીજા શ્રીમંતો તેમનું અનુકરણ કરે એવી આશા રાખીએ છીયે.

## શ્રી મુલચંદ સ્મારક ફંડ.

૭૩-૦-૦ આગળ ફંડમાં ભરાયેલા.
૨૫-૦-૦ પારી. દુર્લભદાસ કલ્યાણજી. મહુવાવાળા મુંબાઇ.
૨૫-૦-૦ શા. દામોદરદાસ હરજીવન.
૫-૦-૦ શા. ઉજમશી પોપટલાલ કું. દલાલ મુંબાઇ.
૩-૦-૦ શા. ઉજમશી માણેકચંદ દલાલ. ભાવનગર.

૧૩૧-૦-૦

## નવા થયેલા મેમ્બરો તથા માસિકના કાયમી ગ્રાહકોનાં નામ.

શા. ઝવેરચંદ ઈંદરજી. માસિકના કાયમી ગ્રાહક.
શા. મોતીચંદ ઓધવજી. બીજો વર્ગ
શા. વીરચંદ પ્રેમચંદ. ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| શા. પુરૂષોત્તમદાસ ગીગાભાઇ. | બીજો વર્ગ. |
| શા. મુલચંદ કરશનજી દામજી. | ,, |
| શા મોતીલાલ જુઠાભાઇ વાલજી. | ,, |
| શા. પરભુદાસ દીપચંદ. | ,, |
| પારી. દુર્લભદાસ કલ્યાણજી મહુવાવાળા હાલ મુંબાઇ. | ,, |
| શા. માણેકલાલ છગનલાલ. | ,, |
| સલોત. જગજીવન ફુલચંદ. | ,, |
| શા. રતનશી હઠીશંગ. | ,, |
| શા. નાગરદાસ વલભદાસ. | ,, |
| શા. પરમાણંદ રામચંદ. ફોટોગ્રાફર. | ત્રીજો વર્ગ. |
| શા. દામોદરદાસ દીયાળજી. | ,, |
| શા. અમીચંદ દીપચંદ ઘરૂ. | ,, |
| શા ચુનીલાલ ત્રીકમજી હાડ. | ,, |
| મણીઆર કુંવરજી ભીખા. | ,, |

## સાધુમુનિરાજો, પાઠશાળા, કન્યાશાળા, જ્ઞાનશાળા, લાયબ્રેરી વિગેરેને ભેટ.

**"નવતત્વનો સુંદર બોધ"** એ નામનું પુસ્તક મૂળ અવચૂરિ અને ભાષાન્તર સાથે અમારા તરફથી છપાઇને બાહાર પડેલ છે. તે ગ્રંથ ઉપર લખેલા ખાતાઓમાં તથા મુનિરાજોને **બાઇ ઉજમબાઇ તે શા. કાનજી કરશનજી શ્રી ઘોરાજીવાળા**ની વિધવાએ કરેલ વીલના ટ્રસ્ટીઓ શા. દામોદરદાશ હરજીવનદાશ તથા શા. દુલભજી લક્ષ્મીચંદ તરફથી મજકુર બાઇના સ્મરણાર્થે તેના જ્ઞાનખાતામાંથી ભેટ આપવાનું મુકરર કરવામાં આવ્યું છે. જેથી જોઇએ તેમણે અમારી પાસેથી મંગાવી લેવું. સાધુ મુનિરાજ શિવાય બીજાઓએ પોષ્ટેજનો ફક્ત એક આનો મોકલવો.

આ ગ્રંથ જૈન ધર્મનું જ્ઞાન મેળવવાને માટે અવશ્ય ઉપયોગી છે.

સુંદર ટાઇપ ઉંચા કાગળ અને મજબુત બાન્ઇડીંગ સહીત વેચાણ લેનાર પાસેથી રૂા. ૧-૦-૦ લેવામાં આવશે પોષ્ટેજ ૦-૧-૬ જૂદું.

મંત્રી.

For Private And Personal Use Only